**Vidhyayana - ISSN 2454-8596**

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

**www.vidhyayanaejournal.org**

**Indexed in: ROAD & Google Scholar**

# આધુનિક સમયે મહાત્મા ગાંધીનું શિક્ષણ દર્શન

**જીતેન્દ્ર પારધી**

રીસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**સારાંશ**

ગાંધીજીએ માત્ર ભારતની મહાન વિભૂતિ નથી, પરંતુ સમગ્ર વિશ્વમાં તેમને માન સન્માન અને આદરથી જોવાય છે. ગાંધીજી રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક એમ દરેક બાબતનું પોતાનું ચિંતન રજૂ કરે છે. આજ રીતે ગાંધીજીના શિક્ષણ વિષયના વિચારોઅને શિક્ષણ દર્શન આગવું સ્થાન ધરાવે છે. રાષ્ટ્રીય શિક્ષણનિતિ 2020માં કૌશલ્ય અને વ્યવસાય શિક્ષણને ઉચ્ચપ્રાથમિકશાળાથી મહત્ત્વ આપવામાં આવેલ છે. બાળક તેના રસ રૂચિના વ્યવસાયમાં આગળ વધે તે માટે રાષ્ટ્રીય શિક્ષણનિતિ પ્રવૃતી દ્વારા પણ શિક્ષણ આપવામાં આવશે. મહાત્મા ગાંધીજીએ શિક્ષણના સિદ્ધાંત ઘડતરમાં બાળક, માતા-પિતા, શિક્ષક તેમાં શિક્ષણનું મહત્વ જાણવા મળે છે.

**ચાવીરૂપ શબ્દો:** મહાત્મા ગાંધી, મહાત્મા ગાંધીનું શિક્ષણ દર્શન

## 1. પ્રસ્તાવના

ભારતની મોટા ભાગની પ્રજાને ઢંઢોળી શકે એવી વ્યક્તિ મોહનદાસ કરમચંદ ગાંધીના સ્વરૂપે આ દેશને પ્રાપ્ત થઇ.'સ્વતંત્રતા મારો જન્મસિદ્ધ હક છે'. ગાંધીજીના જીવનનો મહત્વનો ભાગ આ દેશના રાષ્ટ્રીયકરણમાંવિત્યો. તેમના જીવન ઘડતરમાં રમાબાઇ નામની ઘરકામ કરતી સ્ત્રીનો ખૂબ મહત્વનો ફાળો હતો. એવું એમની આત્મકથામાંથી જાણવા મળે છે. એમનો સંદેશ હતો..."મારૂ જીવન એ જ મારો સંદેશ છે."

## 2. જીવન વૃત્તાંત

ઈ.સ.1867 ઓક્ટોબરની બીજી તારીખે પોરબંદરમાં શ્રી કરમચંદ ગાંધીને ત્યાં મોહનદાસનો જન્મ થયો. વિધાર્થીજીવન ખુબજ સાદગીપૂર્ણ હતું. અંગ્રેજોના અયોગ્ય વ્યવહારનો વિરોધ શરૂ કર્યો,'સત્યાગ્રહ'નામના સામયિકનું સંપાદન શરૂ કર્યું.

રાજકારણ, અર્થકરણ અને રાષ્ટ્રકરણ ત્રણેનું મૂળ કેળવણી છે. ગાંધીજીએ શિક્ષણ વિશે વિચારવાની અને તેને પોતાનો રચનાત્મક કાર્યોમાં અગ્રસ્થાને મૂકવાની પ્રેરણા આપી હતી. વર્તમાન સમયમાં ગાંધીજીને જાણવા-સમજવા માટે તેમની આત્મકથા જરૂર વાંચવી જોઈએ. 30 મી જાન્યુઆરી, ઈ.સ. 1948ના રોજ ગાંધીજીનો જીવનદીપ બુઝાઇ ગયો.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

### 3. મહાત્મા ગાંધીજીનું શિક્ષણ દર્શન

મહાત્મા ગાંધીજીનું શિક્ષણચિંતન આજે પણ એટલું જ પ્રસ્તુત, મૌલિક અને તાજગીભર્યું છે. બીજા શબ્દોમાં કહીએ નો તરોતાજા છે! તેમના ચિંતનની કરોડરજ્જુ તેમના બાળપણમાં હિન્દુધર્મની પરંપરામાં થયેલા ઉછેરમાંથી ઘડાઈ છે. ગાંધીજીના શિક્ષણચિંતનમાં આદર્શવાદ, પ્રકૃતિવાદ અને પ્રયોજનવાદનો સમન્વય થયેલો જણાય છે. પ્રેત્યેકવાદની આછીપાતળી છાંટ એમના ચિંતનમાં વર્તાય છે. ડૉ. એમ. એસ. પટેલનું સંશોધન દર્શાવે છે કે : " ગાંધીજી પોતાના સ્થાનમાં પ્રકૃતિવાદી જણાય છે, પોતાના આદર્શોમાં આદર્શવાદી જણાય છે. પોતાની પદ્ધતિઓમાં પ્રયોજવાદી જણાય છે અને પોતાની કાર્યયોજનાઓમાં વાસ્તવવાદી જણાય છે. " ભારતીય ભૂમિ, ભારતીય સંસ્કૃતિમાંથી પ્રગટેલા ગાંધીજીના ચિંતનને આધત્મિક ઊંચાઈનો સ્પર્શ મળ્યો છે.'ઈન્ડિયન ઓપીનિયન' 16-12-1905 (ગાં. અ. ૫: પૃ.171-2). કેળવણી એટલે કક્કો શિખીને બેસી રહેવું એમ નહીં, પણ કેળવણી એટલે આપણા હકો શું છે તે જાણવું. હકોની સાથે આપણી જવાબદારી તથા ફરજ શી છે તે સમજવું.

ગાંધીજીનું શિક્ષણચિંતન તેમના જીવનના અનુભવોમાંથી તેમની વિકાસ પ્રક્રિયામાંથી નિપજ્યુ હતું. શિક્ષણના સંદર્ભમાં ગાંધીજીએ સ્વયં પોતાની માન્યતાઓ પ્રયોગની ભૂમિકા પર ચકાસી જોઈ હતી. ડૉ. એમ. એસ. પટેલના અભ્યાસમાં ગાંધીજીના શિક્ષણચિંતનને જુદી-જુદી વિચારધારાઓના પરિપ્રેક્ષ્યમાં જોવાનો પ્રયત્ન થયો છે. હકીકતમાં ગાંધીજી કોઈ પણ વાદના વિચારક ન હતા. એક વિચારક તરીકે જો એમને કોઈ પણ 'વાદ'માં રસ હતો તો તે કેવળ માનવજાતનામાનવ–માનવ વચ્ચેના સંવાદમાં રસ હતો.

જ્ઞાન વિશેની ગાંધીજીની માન્યતાઓ પણ તત્વત: આંતરિક જગતને સ્પર્શનારી તથા ભૌતિક જગતમાં ઉપયોગીતાના સિદ્ધાંતને દૃષ્ટિમાં રાખનારી છે. ગાંધીજી અક્ષરજ્ઞાન એટલે કે નર્યા બૌદ્ધિક વિષયોના જ્ઞાનને જ્ઞાન માનતા નથી, તેમની દૃષ્ટિએ આધુનિક સમાજની શાળામાં જેણે કહેવાતું શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય, તેના કરતાં ભલોભોળો પણ ચારિત્ર્યવાન ભરવાડ આ દુનિયાનો વધારે સારો નાગરિક છે. કહેવાતા શિક્ષિતોના કારનામાંથી અકળાઈ ઊઠેલા ચિંતક ડૉ. ગુણવંત શાહ નોંધે છે : "વાંકી-ચૂકી કેડી પર ચાલતો અશિક્ષિત આદિવાસી કેટલો સીધો છે, અને સીધા રસ્તે ચાલતો કહેવાતો શિક્ષિત કેટલો વાંકો છે." જેને વાતે-વાતે વાંકું પડે તે શિક્ષિત!ગાંધીજીની દૃષ્ટિએ જ્ઞાન જીવનની નક્કર પરિસ્થિતિઓ સાથે સુયોજિત હોવું – પ્રાપ્ત થતું જ્ઞાન અધ્યેતાની વધતી જતી પ્રવૃતિ સાથે એકરૂપ થતું જતું હોવું જોઈએ. તેથી દેખીતી રીતે જ શાળા-પુસ્તકમાંથી વાસી માહિતી નિષ્ક્રિયપણે ગ્રહણ કરવાનું સ્થાન નથી; પણ કામ કરવાનું, પ્રયોગ કરવાનું અને નવી-નવી શોધ કરવાનું સ્થાન છે. શાળામાં બાળક સક્રિયપણે

જ્ઞાન સંપાદન કરે. પોતાની સામાજિક પરિસ્થિતિ સમજવા માટે તથા તેના વધારે સારા પ્રકારના નિયમન માટે તે જ્ઞાનનો ઉપયોગ કરે. આમ ગાંધીજીના મતે જ્ઞાનનું સંપાદન થયું તો જ કહેવાય જો તેથી વ્યક્તિમાં સામાજિક જવાબદારીની ભાવનનો વિકાસ થાય. તેથી જ તેઓ પ્રાચીન ભારતના 'વિદ્યા' શબ્દનું અર્થઘટન 'સર્વલોકોપયોગી બધું જ જ્ઞાન' એવો કરે છે.

### 4. મહાત્મા ગાંધીજીનો શિક્ષણના સિદ્ધાંતના ઘડતરમાં ફાળો અક્ષરજ્ઞાન એ શિક્ષણ નથી

અક્ષરજ્ઞાન કેળવણી નથી એમ કહેવા પાછળનું તાત્પર્ય એ છે કે માત્ર, લેખન, ગણન અને વાંચન – 3 R's ના શિક્ષણથી માણસ માણસ બનતો નથી. વર્ગખંડમાં ચાર દીવાલો વચ્ચે અપાતું શિક્ષણ કેવળ માનસિક બોજો છે; જેનો આશય વિદ્યાર્થીના મનમાં માહિતી ભરવાનો છે. માણસ સ્વતંત્ર બને એ શિક્ષણનો આશય છે. જયારે વિષયોનું શિક્ષણ માત્ર સૌદ્ધાંતિક રીતે જ આપતું હોવાથી તથા તેના ઉપયોગથી બાજુ પર તદ્દન ધ્યાન આપતું ન હોવાથી; ગાંધીજીના કહેવા પ્રમાણે જે વિષયો બાળકોને આકાશનું દર્શન કરાવીને શીખવી શકાય તે બધાં જ પુસ્તકો વાંચીને શીખવવામાં આવે છે. માત્ર સાક્ષરી વિષયોનું શિક્ષણ પામેલાં બાળકો ભણેલાં જરૂર હોય છે પણ તેમણે કેળવાયેલાં માનવા ગાંધીજી તૈયાર નથી. અહીં ગાંધીજી 'શિક્ષણ અને કેળવણી' શબ્દ વચ્ચેનો તાત્વિક ભેદ સ્પષ્ટ કરે છે.

### 5. શિક્ષણ ઉત્પાદક શ્રમ દ્વારા, ઉત્પાદક શ્રમ માટે અને ઉત્પાદક શ્રમનું જ હોઈ શકે

સાક્ષરી વિષયો પર કેન્દ્રીત થયેલું શિક્ષણ ક્રમશઃ અધ્યેતાના મનમાં શારીરિક શ્રમ પ્રત્યે સૂગની ભાવના પેદા કરે છે તથા તેને ઉત્પાદનવિમુખ બનાવી વધારે ને વધારે નિષ્ક્રિય બનાવે છે. શિક્ષિણ સમાજમાંની શ્રમ પ્રત્યેની સૂગને દૂર કરે છે. વિદ્યાર્થીને એવું શિક્ષણ પ્રાપ્ત થવું જોઈએકે જે તેની રોજીરોટીની સમસ્યામાં તેને આત્મનિર્ભર બનાવે. ઉત્પાક શ્રમને શિક્ષણનું માધ્યમ બનાવવા પાછળનો આશય વિદ્યાર્થીને પોતાની રોજી કમાવાની તાલીમ આપી, તે શાળાનો અભ્યાસક્રમ પૂરો કરે ત્યાં સુધીમાં તેને ઉત્પાદક કામનો પૂરતો અનુભવ આપી, બેકારીની સમસ્યાનો ઉકેલ પુરો પાડવાનો છે.

### 6. શિક્ષણનો ધર્મ સ્વાશ્રય હોઈ, તે સાર્વત્રિક હોવું જોઈએ

ઉત્પાદક શ્રમ સાથે શ્રમની આજુબાજુ શિક્ષણને ગોઠવવાનો આશય જ શિક્ષણને સાર્વત્રિક બનાવવાનો છે. જ્યાં સુધી લોકશાહી સમાજનો નાગરિક શિક્ષિત ન હોય ત્યાં સુધી તે માનસિક રીતે સ્વતંત્ર થઈ શકતો નથી. મહાત્મા ગાંધીજી જે સ્વાતંત્ર્યની હિમાયત કરતાં હતા તે 'સર્વ પ્રકારના દાસત્વમાંથી છુટકારો.' એટલે કે ભૌતિક અને માનસિક સ્વાતંત્ર્ય. માણસને

સ્વતંત્ર બનાવવાનું ધ્યેય હોય તો જ લોકશાહી ટકી શકે. એટલા માટે ગાંધીજી સાર્વત્રિક શિક્ષણની ભલામણ કરે છે.

### 7. શિક્ષણમાં માતૃભાષા જ બોધભાષા હોઈ શકે

શિક્ષણના ક્રમમાં માતૃભાષાના સ્થાન વિશેનો ગાંધીજીનો વિચાર ઘણો અસરકારક અને સાર્વત્રિક બન્યો છે. એ જમાનમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી ભાષા હતું. પરિણામે શિક્ષણ વ્યાપની દ્રષ્ટિએ ઘણું જ સીમિત રહેતું અને બીજી બાજુ જે લોકો શિક્ષણ પ્રાપ્ત કરી શકતા તેમની પણ શક્તિ અને સમયનો મોટો ભાગ અંગ્રેજી ભાષા સમજવામાં વ્યતીત થઈ જતો. પરિણામે એક વિષય તૈયાર કરવાનું ભારણ જ બાળકનાં મન પર એટલું બધું અસહ્ય થઈ પડતું કે તેની અન્ય શક્તિઓના વિકાસનો કોઈ અવકાશ જ રહેતો ન હતો. તેથી શિક્ષણ માતૃભાષાના માધ્યમ દ્વારા જ આપવું જોઈએ એવું ગાંધીજી દ્રઢપણે માનતા.

### 8. નૈતિક મનુષ્યનું નિર્માણ એ શિક્ષણનો પરિપાક છે

ગાંધીજી શિક્ષણના માધ્યમ દ્વારા એવા મનુષ્યના નિર્માણને તકઆપે છે, જે સામાજિક દ્રષ્ટિએ, સામાજિક પ્રક્રિયાનો ભાગીદાર બનવામાં ગૌરવ અનુભવતો હોય. એટલું જ નહિ પરંતુ એ રીતે ભાગીદારી બનવા માટે તેનાં માટે તેના મન, શરીર અને હૃદયની તાકાતનો વિકાસ થયો હતો. ગાંધીજીને મન શાળાઓ અને કૉલેજો ચારિત્ર્યનું ઘડતર કરવા માટેનાં કારખાનાં છે. પોતાનાં છોકર-છોકરીઓ સારાં પુરુષો અને સ્ત્રીઓ બને એટલા માટે માતપિતા તેમને ત્યાં મોકલે છે. નૈતિક મનુષ્યનું નિર્માણ એ શિક્ષણનો મહત્વનો સિદ્ધાંત છે.

### 9. આધુનિક સમયમાં ગાંધીજી વિચારોનું સમર્થ ફાળો

આધુનિક શિક્ષણ પ્રણાલીમાં ગાંધીજીના પ્રાચીન વારસનું ગૌરવ અને તેનું સંવર્ધનમાં મહત્વનો ફાળો છે. સાથે સાથે પર્યાવરણ શિક્ષણ, સ્વચ્છતા અભિયાન ખુબજ અહેમ ભૂમિકા ભજવે છે. માતૃભાષામાં શિક્ષણ આપવાની હિમાયત તેમને કરી હતી તે હવે NEP-૨૦૨૦માં ધોરણ-૮ સુધી માતૃભાષામાં જ શિક્ષણ આપવું અને અંગ્રેજી વિષયનેએક ભાષા તરીકે શીખવા માટે મહત્વ આપવું જોઈએ.

સ્વદેશી વસ્તુઓને પ્રાધાન્ય આપવું, જેથી ‘આત્મનિર્ભર ભારત’નું સ્વપ્ન સાકર થશે, રોજગારીની સુવર્ણ તકો પ્રાપ્ત થશે.

ગાંધીજી દ્વારા મૂલ્યશિક્ષણ આપવાની હિમાયત કરી છે.‘સર્વધર્મ સમભાવના’નું મહત્વ વધે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

શિક્ષણમાં વ્યાવસાયિક શિક્ષણ,સમવાય શિક્ષણ અને બુનિયાદી શિક્ષણમાટે'નઈ તાલીમ' શિક્ષણ આપેલ છે.

ગાંધીજી શિક્ષણ ખાનગીકરણનો વિરોધ કરે છે. 'ક્રિયા દ્વારા જ્ઞાન' આપવું, ગોખણિયા જ્ઞાનનો વિરોધ; આધુનિક સમયમાં સંશોધન નાવીન્ય માટે વડાપ્રધાનશ્રીનો આગ્રહ છે. જેમ થોડા સમય પહેલા એક સૂત્ર આપ્યું -'જય વિજ્ઞાન જય કિશાન'.

ભારતમાં સરકારશ્રી દ્વારા NEP-2020માં ગાંધીવાદી શિક્ષણની આ તમામ ખૂબીઓ યોગ્ય સ્થાન આપવાનો પ્રયાસ કરેલ છે.

## 10. ઉપસંહાર

ગાંધીજીના શિક્ષણદર્શને ભારતીય શિક્ષણપ્રથાને નવી દ્રષ્ટિ અને દિશા આપ્યાં છે. હજી પણ આપણા પરંપરાગત અને રૂઢ માનસને લીધેશિક્ષણની સાચી દિશા હોવા છતાં સાચી ગતિ સાંપડી નથી. એ આપણી કમનસીબી છે. તેના માટે નૈતિક નિષ્ઠા, અમલીકરણ માટેનો ઉત્સાહ અને દ્રષ્ટિવંત પ્રયાસોની જરૂર છે. સ્વ. ડૉ. ઝાકિરહુસેને બુનિયાદી શિક્ષણની અવદશાને જોઇને વ્યથિત થઈને કરેલું વિધાન સૌ શિક્ષણકારો સામે પડકારચિહ્ છે. -"Basic Education as it is Practiced Today is a Fraud."

અમલીકરણની નિષ્ઠાને અભાવે ઊભા થયેલા આ પડકારનો સકળતાપૂર્વક સામનો કરી, આપણે ગાંધીજીના શૈક્ષણિક દર્શનનું યોગ્ય અનુશીલન કરી તે દિશામાં ગતિશીલ બનીશું,તેમાં જ બૃહદ ભારતીય સમાજનું શ્રેય રહેલું છે.

## સંદર્ભસૂચિ

1. પટેલ ડી. (2005). કેળવણીના તાત્વિક પીઠિકા અને શિક્ષણ ચિંતકો. અમદાવાદ: અનડા બુક ડેપો.
2. રાવલ એન. વિ. (2011). કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ. અમદાવાદ: નીરવ પ્રકાશન
3. વચ્છરાજની ભ. & પટેલ વિ. જી. (2013). વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક. અમદાવાદ: અનડા બુક ડેપો.
4. સાધુ પી. વ. (2012). કેળવણીના દર્શનિક આધારો. અમદાવાદ: અક્ષર પબ્લિકેશન
5. Parekh, B., Parel, A., Haksar, V., Johnson, R. L., Gier, N. F., Dallmayr, F., ... & Naidu, M. V. (2008). The philosophy of Mahatma Gandhi for the twenty-first century. Lexington Books.
6. Parmar, Kumarpal. (2019). મહાત્મા ગાંધીની 150મી વર્ષગાંઠ નિમિતે પ્રકાશિત ટપાલ-ટિકિટોનું ઐતિહાસિક મહત્વ. Surbhi: International Peer-Reviewed Referred Journal (24): 64-67
7. Parmar, Kumarpal. (2022). Historical Significance of the Postal Stamps of Mahatma Gandhi from 1948 to 2018. Ayudh: International Peer-Reviewed Referred Journal (3): 56-61
8. Phukan, T. K. (2021). The Educational Philosophy of Mahatma Gandhi and It's Necessity on Present Context. Journal of Research in Humanities and Social Science, 9 (12), 16-18.